પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૪૯ | ૩ માર્ચ, ૨૦૨૩, શુક્રવાર; ફાગણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ત્રિપુરા-નાગાલેન્ડમાં ભાજપનો જયજયકાર

## મેઘાલયમાં એનપીપી બની સૌથી મોટી પાર્ટી : ત્રિપુરાની ૬૦ સભ્યોની વિધાનસભામાં બહુમત માટે ૩૧ બેઠકો જરૂરી : ચૂંટણીના પરિણામો બાદ ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડા દિલ્હી બીજેપી હેડક્વાર્ટર પહોંચ્યા

મેઘાલય,તા.૨

મેઘાલય, ત્રિપુરા અને નાગાલેન્ડની વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડા દિલ્હી બીજેપી હેડક્વાર્ટર પહોંચ્યા છે. પીએમ મોદી પણ થોડીવારમાં પહોંચશે અને સંબોધન કરશે.

એનપીપી મેઘાલયની ચૂંટણીમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે, જોકે બહુમતી મેળવી શકી નથી. આના પર, મેઘાલયના મુખ્ય પ્રધાન કોનરાડ સંગમાએ કહ્યું, 'અમે અમારા પક્ષને મત આપવા બદલ લોકોનો આભાર માનીએ છીએ. અમારી





પાસે થોડી સીટો ઓછી છે, તેથી અમે અંતિમ પરિણામોની રાહ જોઈ રહ્યા છીએ. પછી અમે આગળ કેવી રીતે આગળ વધવું તે નક્કી કરીશું.

વિજયનું પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યા બાદ ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહાએ કહ્યું, "જીત્યા પછી આ પ્રમાણપત્ર મેળવવું ખૂબ જ સારી અનુભૂતિ છે. હું વડા પ્રધાન, ગૃહ પ્રધાન, સંરક્ષણ પ્રધાન, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ સહિત તમામ કાર્યકરોનો આભાર માનું છું. છું."ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયમાં કોંગ્રેસની હાલત

● અનુસંધાન પાન-૭ પર

## હેકાની જખાલુ નાગાલેન્ડના પ્રથમ મહિલા ધારાસભ્ય

**નાગાલેન્ડમાં ક્યારેય મહિલા ધારાસભ્ય ચૂંટાયા ન હતા**

નવી દિલ્હી, તા.૨

આજે પૂર્વોત્તરના ત્રણ રાજ્યોના ચૂંટણી પરિણામો જાહેર થયા. મતગણતરીને પૂરી થઈ ગઈ છે. આવી સ્થિતિમાં, દરેકની નજર એક ખાસ કારણસર નાગાલેન્ડ રાજ્ય પર ટકેલી હતી. હકીકતમાં, રાજ્યનો દરજ્જો પ્રાપ્ત કર્યાના ૬૦ વર્ષ પછી પણ નાગાલેન્ડે ક્યારેય મહિલા ધારાસભ્યને ચૂંટ્યા નહોતા પણ હવે ઈતિહાસ રચાઈ ગયો છે. અહીં હેકાની જખાલુએ દીમાપુર-૩ સીટથી ૧૫૩૬ વોટ સાથે જીત મેળવી છે. તેમણે લોકજનશક્તિ પાર્ટીના ઉમેદવારએ જેનો

● અનુસંધાન પાન-૭ પર

## ચૂંટણી કમિશનરની નિમણૂકો માટે સ્વતંત્ર પેનલ બનાવો : સુપ્રીમ

**સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બેન્ચનો ઐતિહાસિક નિર્ણય : ચૂંટણી કમિશનરોની નિમણૂકની વર્તમાન પ્રક્રિયા રદ થશે અને વડાપ્રધાન, લોકસભામાં વિપક્ષના નેતા અને સીજેઆઈની એક પેનલ બનશે**

નવી દિલ્હી, તા.૩

સુપ્રીમકોર્ટે ઐતિહાસિક નિર્ણય કર્યો છે. હવે વડાપ્રધાન, લોકસભામાં વિપક્ષના નેતા અને સીજેઆઈની એક પેનલ બનશે જે મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક કરશે. જસ્ટિસ કે.એમ.જોસેફે કહ્યું કે લોકશાહીને જાળવી રાખવા માટે ચૂંટણી પ્રક્રિયાની શુદ્ધતા જાળવી રાખવી જોઈએ નહીંતર તેના વિનાશકારી પરિણામો આવશે.

મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક માટે એક સમિતિની રચના કરાશે. આ સમિતિમાં વડાપ્રધાન, લોકસભામાં વિપક્ષના નેતા અને સીજેઆઈને સામેલ કરાશે. દેશમાં મુખ્ય ચૂંટણી કમિશનર તથા ચૂંટણી કમિશનરોની નિમણૂક માટે કોલેજિયમની જેમ એક સ્વતંત્ર પેનલ બનાવવા અંગે સુપ્રીમકોર્ટે આ ઐતિહાસિક નિર્ણય લીધો છે. પાંચ જજોની બંધારણીય બેન્ચે આ નિર્ણય કર્યો છે. બેન્ચમાં જસ્ટિસ કે.એમ.જોસેફ, જસ્ટિસ અજય રસ્તોગી, અનિરુદ્ધ બોસ, હૃષિકેશ રૉય અને સી.ટી.રવિકુમાર સામેલ છે. ખરેખર નિષ્પક્ષ અને પારદર્શક રીતે મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક અંગે સુપ્રીમકોર્ટમાં અરજીઓ દાખલ કરાઈ હતી. જસ્ટિસ રસ્તોગીએ કહ્યું કે હું જસ્ટિસ જોસેફના ચુકાદા સાથે સંમત છું. મુખ્ય ચૂંટણી કમિશનરો અને ચૂંટણી કમિશનરોની નિમણૂકની વર્તમાન પ્રક્રિયા રદ થશે. નિમણૂક માટે હવે સમિતિ રહેશે. સુપ્રીમકોર્ટે કહ્યું કે ચૂંટણીપંચ સ્વતંત્ર હોવું જોઈએ. તે માત્ર સ્વતંત્ર હોવાનો દાવો ન કરી શકે. રાજ્ય પ્રત્યે ફરજ નિભાવવાની સ્થિતિમાં એક વ્યક્તિના મનમાં એક સ્વતંત્ર રુપરેખા ન હોઈ શકે. એક સ્વતંત્ર વ્યક્તિ સત્તામાં રહેતા લોકો માટે દાસ ન હોઈ શકે.

## સેન્સેક્સમાં ૫૦૨, નિફ્ટીમાં ૧૨૯ પોઈન્ટનો કડાકો નોંધાયો

મુંબઈ, તા.૨

આઈટી, ઓટોમોબાઈલ અને બેંકિંગ સેક્ટરના શેરોમાં ભારે વેચવાલીથી ગુરુવારે સ્થાનિક શેરબજારમાં ઘટાડો નોંધાયો હતો. બીએસઈ સેન્સેક્સ ૫૦૧.૭૩ પોઈન્ટ એટલે કે ૦.૮૪ ઘટીને ૫૮,૯૦૯.૩૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. એ જ રીતે, એનએસઈ નિફ્ટી ૧૨૯ પોઈન્ટ અથવા ૦.૭૪ ટકા ઘટીને ૧૭,૩૨૧.૯૦ પોઈન્ટ પર બંધ થયો હતો. ક્ષેત્રીય સૂચકાંકોની વાત કરીએ તો આઈટી, ઓટો અને બેંક સૂચકાંકોમાં એક-એક ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ રિયાલિટી ઈન્ડેક્સ બે ટકા વધીને બંધ રહ્યો હતો.

એનએસઈ નિફ્ટીમાં મારુતિનો શેર સૌથી વધુ ૨.૬૦ ટકા ઘટીને બંધ થયો હતો. એ જ રીતે, એક્સિસ બેંક ૨.૪૪ ટકા, ટીસીએસ ૧.૮૨ ટકા, ટેક મહિન્દ્રા ૧.૬૩ ટકા અને ઈન્ફોસિસ ૧.૬૨ ટકા ઘટીને બંધ થયા છે.

નિફ્ટીમાં અદાણી પોર્ટ્સમાં સૌથી વધુ ૩.૦૬ ટકાનો વધારો જોવા મળ્યો હતો. એ જ રીતે કોલ ઈન્ડિયામાં ૧.૮૭ ટકા, બીપીસીએલમાં ૧.૭૭ ટકા, અદાણી એન્ટરપ્રાઈઝમાં ૧.૫૨ ટકા અને હીરો મોટોકોર્પમાં ૧.૩૯ ટકાનો ઉછાળો નોંધાયો હતો.

## અદાણી-હિંડેનબર્ગ વિવાદ મામલે સુપ્રીમ કોર્ટનો તપાસનો આદેશ

**અદાણી-હિંડેનબર્ગ મામલે સુપ્રીમ કોર્ટની કાર્યવાહી : સુપ્રીમકોર્ટના સેવાનિવૃત્ત જજ એ.એમ.સપ્રેના નેતૃત્વમાં સમિતિની રચના, સેબીને તપાસ રિપોર્ટ રજૂ કરવા સુચના**

નવી દિલ્હી, તા.૨

સુપ્રીમકોર્ટે અદાણી-હિંડેનબર્ગ વિવાદ મામલે તપાસના આદેશ આપી દીધા છે. તેની સાથે જ સુપ્રીમકોર્ટના સેવાનિવૃત્ત જજ એ.એમ.સપ્રેના નેતૃત્વમાં એક સમિતિની રચના કરી છે. જ્યારે શેરબજારને રેગ્યુલેટ કરતી સંસ્થા સેબીને પણ તપાસ રિપોર્ટ રજૂ કરવા કહ્યું છે. આ રિપોર્ટ બે મહિનામાં સબમિટ કરવો પડશે.

ઉલ્લેખનીય છે કે અમેરિકી શોર્ટ સેલર ફર્મ હિંડેનબર્ગ દ્વારા અદાણી ગ્રૂપ પર શેરોની કિંમતોમાં હેરફેર કરવા અને શેલ કંપનીઓના માધ્યમથી સ્ટોક્સની કિંમતમાં વધ-ઘટ કરવાના ગંભીર આરોપો મૂકાયા હતા. સેબી આ આરોપોની તપાસ કરી રહી છે.

સુપ્રીમકોર્ટ દ્વારા રચાયેલી સમિતિમાં સેવાનિવૃત્ત જજ એ.એમ. સપ્રે ઉપરાંત ઓપી. ભટ્ટ, જે.પી.દેવધર, કે.વી. કામથ, નંદન નિલેકણી અને એડવોકેટ સોમશેખર સુંદરેસન પણ સામેલ છે. સુપ્રીમકોર્ટ દ્વારા રચાયેલી સમિતિએ અદાણી-હિંડેનબર્ગ વિવાદના કારણો અને બજાર પર તેની અસરની તપાસ કરવાની રહેશે. તેની સાથે જ રોકાણકારોની જાગૃકતાને મજબૂત કરવાના ઉપાયો સૂચવવાના રહેશે. પેનલ એ મામલે પણ ધ્યાન આપશે કે શું આ કેસમાં કોઈ નિયામકીય નિષ્ફળતા હતી?

## વિપક્ષ જીતે પછી વડાપ્રધાનપદનો ઉમેદવાર નક્કી થશે : ફારૂખ

**ચેન્નઈમાં હિન્દી બેલ્ટના મોટા નેતાઓની બેઠકમાં ફારુક અબ્દુલ્લા, મલ્લિકાર્જુન ખડગે, અખિલેશ યાદવ અને બિહારથી તેજસ્વી પ્રસાદે હાજરી આપી**

ચેન્નાઈ, તા.૨

તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિનના ૭૦માં જન્મદિવસ પર ચેન્નઈમાં હિન્દી બેલ્ટના મોટા નેતાઓની એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જમ્મુ-કાશ્મીરથી ફારુક અબ્દુલ્લા, દિલ્હીથી કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, યુપીથી અખિલેશ યાદવ અને બિહારથી ડેપ્યુટી સીએમ તેજસ્વી પ્રસાદે હાજરી આપી હતી. જોકે આ એક જન્મદિવસની પાર્ટી હતી, પરંતુ રાષ્ટ્રીય સ્તરે ચૂંટણીનો માહોલ અને ઘણા રાજકારણીઓના એકજૂટ થવાના કારણે રાજકારણ પર ચર્ચા થવાની જ હતી.

વિપક્ષના આટલા બધા નેતાઓ એક મંચ પર આવ્યા ત્યારે ફરી એકવાર વિપક્ષ તરફથી વડાપ્રધાન પદના ઉમેદવારને લઈને ચર્ચા શરૂ થઈ હતી. જ્યારે ચેન્નાઈ પહોંચેલા ફારુક અબ્દુલ્લાહને વડાપ્રધાન પદના ઉમેદવાર વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં સંયુક્ત

● અનુસંધાન પાન-૭ પર

## સૌથી મોટો દુષ્કાળ પડવાની શક્યતા, અસર તો શરૂ થઈ ગઈ

**વૈજ્ઞાનિકોની આ વાત ખોટી પડે તો જ સારું : અલ નીનોને કારણે ચોમાસાના વરસાદની અવધિ સરેરાશના ૯૦ ટકાથી ઓછી રહેવાની શક્યતા છે**

નવી દિલ્હી, તા.૨

કોરોનાને માત આપ્યા બાદ હવે અલ નીનો દેશમાં આતંક મચાવી રહ્યો છે. આ કુદરતી આફતના કારણે આ વર્ષે દેશમાં દુષ્કાળ જેવી સ્થિતિ જોવા મળી શકે છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ ક્લાઈમેટ ચેન્જ સ્ટડીઝના ડાયરેક્ટર ડીએસ પાઈએ આ ચેતવણી આપી છે. પાઈના જણાવ્યા અનુસાર અલ નીનોને કારણે ચોમાસાના વરસાદની અવધિ સરેરાશના ૯૦ ટકાથી ઓછી રહેવાની શક્યતા છે. મનીકંટ્રોલ સાથેની ચર્ચામાં ડીએસ પાઈએ જણાવ્યું હતું કે અલ નીનો સાથે સંકળાયેલ ઊંચા તાપમાનની અસર એક વર્ષ સુધી અનુભવી શકાય છે. આબોહવાની પેટર્ન જે પેસિફિક મહાસાગરમાં સપાટીના પાણીની અસાધારણ ગરમી લાવે છે. આ ભારત અને તેના પડોશમાં વરસાદની અછત અને દુષ્કાળ સંબંધિત માહિતી આપે છે. આવી સ્થિતિમાં આ ચિંતાજનક સમાચાર છે, કારણ કે

● અનુસંધાન પાન-૭ પર

## મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા છે : જ્યોર્જિયા મેલોની

**૫ વર્ષમાં ઈટાલીના કોઈ ટોચના નેતાની પહેલી ભારત યાત્રા : ખરેખર સાબિત થઈ ગયું છે કે તે એક મુખ્ય નેતા રહ્યા છે અને એટલા માટે જ તેમને શુભેચ્છા : જ્યોર્જિયા મેલોની**

નવી દિલ્હી, તા.૨

જી-૨૦ બેઠક વચ્ચે ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની બે દિવસ માટે ભારતની મુલાકાતે આવ્યા છે. છેલ્લા ૫ વર્ષમાં ઈટાલીના કોઈ ટોચના નેતાની આ પ્રકારની પહેલી ભારત યાત્રા છે. આ દરમિયાન પીએમ મોદી અને જ્યોર્જિયા મેલોનીએ દિલ્હીમાં પ્રતિનિધિમંડળ સ્તરની મંત્રણા કરી હતી. ૮મી રાયસીના ડાયલોગના મુખ્ય મહેમાન જ્યોર્જિયા મેલોનીએ પીએમ મોદીની પ્રશંસા કરી હતી.

તેમણે કહ્યું કે પીએમ મોદી દુનિયાભરના ટોચના નેતાઓના સૌથી લોકપ્રિય નેતા છે. તે ખરેખર સાબિત થઈ ગયું છે કે તે એક મુખ્ય નેતા રહ્યા છે અને એટલા માટે જ તેમને શુભેચ્છા.

## કસ્બા પેઠ અને ચિંચવાડ પેટા ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય

**મહારાષ્ટ્રની પેટા ચૂંટણીમાં ભાજપને મોટો ફટકો : કોંગ્રેસના ઉમેદવારે ભાજપના ઉમેદવારને પરાજય આપ્યો, તામિલનાડુ અને બંગાળમાં પણ કોંગ્રેસનો વિજય**

મુંબઈ, તા.૨

મહારાષ્ટ્ર પેટાચૂંટણીમાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. અહીં ભાજપ પોતાની પ્રતિષ્ઠિત બેઠક જાળવવામાં નિષ્ફળ ગઈ છે. ભાજપની આ બેઠક પર કોંગ્રેસે લાંબા સમય બાદ જીતી હાંસલ કરી છે. ભાજપ પાસેથી ગઢ પર કબજો જમાવવો એ કોંગ્રેસની મોટી ઉપલબ્ધિ મનાઈ રહી છે.




મહારાષ્ટ્રની કસ્બા પેઠ અને ચિંચવાડ પેટા ચૂંટણીનું પરિણામ આવી ગયું છે. આ બંને બેઠકોમાંથી ભાજપની ગઢ કહેવાતી કસ્બા પેઠ પર કોંગ્રેસ-એનસીપી ગઠબંધને કબજો જમાવ્યો છે. આ બેઠકમાં ૨૭ વર્ષથી ભાજપ પાસે હતી, જોકે હવે કોંગ્રેસની જીત થઈ છે. આ બેઠક પર રાજયમાં સત્તાધારી ગઠબંધન પક્ષ ભાજપ-શિવસેનાને મોટો ઝટકો લાગ્યો છે. ભાજપના ગઢ પર કોંગ્રેસે પગદંડો જમાવી દીધો છે, તો ગઢ કહેવાતી કસ્બા પેઠ બેઠકની પ્રતિષ્ઠા જાળવવામાં ભાજપ નિષ્ફળ ગઈ છે.

કસ્બા પેઠ બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર રવિન્દ્ર ધંગેકર અને ભાજપના ઉમેદાવાર હેમંત રસાને વચ્ચે ચૂંટણી જંગ હતો. આ ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારે ભાજપના ઉમેદવારને ૧૦,૦૦૦થી વધુ મતોથી પરાજય આપ્યો છે. ધંગેકરને ૭૨,૫૯૯ મત મળ્યા હતા, તો આ મતવિસ્તારમાં હેમંત રસાનેને ૨૦ રાઉન્ડના અંતે ૬૧,૭૭૧ મતો મળ્યા છે. પોતાની જીતનો શ્રેય મતદારોને આપતા ધાંગેકરે જણાવ્યું કે, આ મતદારોની જીત છે કારણ કે તેઓએ મને જીતાડવાની જવાબદારી લીધી હતી. હું મતવિસ્તારના લોકો માટે સખત મહેનત કરીશ અને મારા પર મૂકેલા વિશ્વાસને પૂર્ણ કરવાના તમામ પ્રયાસો કરીશ. તેમણે વધુમાં કહ્યું કે, રાજ્ય કોંગ્રેસના અધ્યક્ષ નાના પટોલે, એનસીપી નેતા અજિત પવાર અને શિવસેના (યુબીટી)ના આદિત્ય ઠાકરેએ તેમને અભિનંદન આપવા માટે ફોન કર્યો હતો. ભાજપે કહ્યું કે, કેટલીક ખામીઓ રહી ગઈ હશે, જેના કારણે હારનો સામનો કરવો પડ્યો. હારનું વિશ્લેષણ કરીને ખામીઓ દૂર કરવા વિચારણા કરાશે.

## પોલીસ કર્મચારી ગ્રાહક સહકારી ભંડાર ગાંધીનગર તરફથી

તા. ૨/૩/૨૦૨૩

આથી પોલીસ કર્મચારી ગ્રાહક સહકારી ભંડાર ગાંધીનગરના સભાસદોને જણાવવામાં આવે છે કે, હજુ કેટલાક સભાસદો શેરસર્ટી જમા કરાવી થતી રકમ લઈ ગયેલ નથી તો બાકી રહેતા સભાસદોએ પોતાના શેરસર્ટી જમા કરાવી પૈસા નીચે જણાવેલ વ્યક્તિઓ પાસેથી લઈ જવા વિનંતી છે.

શેરસર્ટી મળતું ન હોય તો તેનો બીજો એક વિકલ્પ છે જે તે વ્યક્તિ પોતાનું પાનકાર્ડ / આધારકાર્ડ બતાવીને પૈસા લઈ જઈ શકશે. વધુમાં શેર હોલ્ડરો ગુજરી ગયેલ હોય તો તેના વારસદારોને પણ પૈસા મળી શકશે જેમાં તેઓએ તેમનું પાનકાર્ડ અને આધારકાર્ડ બતાવવાનું રહેશે.

નાણાં તા. ૩૦-૬-૨૦૨૩ સુધીમાં લઈ જવાના રહેશે. ત્યારબાદ વધેલ નાણાં સરકારશ્રીમાં જમા કરાવવામાં આવશે.

(૧) **શ્રી જસવંતસિંહ રઘુભા ગોહિલ**
**રીટાયર્ડ પોલીસ ઈન્સ્પેક્ટર**
**મો. નં. ૯૪૨૬૪ ૧૨૮૩૨**
**(સમય : સવારના ૧૦-૦૦ થી ૧૩-૦૦)**

તેઓ ગાંધીનગર શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજની ઓફિસ, બ્લોક નં. ૧૪૬/૪, ચ-ટાઈપ, હનુમાનજી મંદિર પાસે, સેક્ટર-૧૭, ખાતે બેસે છે.

(૨) **શ્રી નિલેન્દુભાઈ વોરા,**
**રીટાયર્ડ કચેરી અધિક્ષક, સેક્ટર-૫/એ,**
**પ્લોટ નં. ૪૪૫/૨, અંબાજી મંદિર પાસે,**
**ગાંધીનગર. મો. નં. ૯૪૨૭૮ ૦૧૪૦૩**

ઉપરોક્ત ગમે તે વ્યક્તિઓ પાસેથી નાણા મળી શકશે.

**સહી/-**
**(જસવંતસિંહ ગોહિલ)**
**પોલીસ કર્મચારી ગ્રાહક સહકારી ભંડાર, ગાંધીનગર વતી**